ગાંધીનગર સમાચાર
તા. ૨૮-૧૧-૨૦૧૪, શુક્રવાર

તંત્રી સ્થાનેથી....

મોદી મને મિયાં વચ્ચે ઠંડું યુદ્ધ

નેપાળમાં મળેલી સાર્ક શિખર પરિષદમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે પ્રવર્તી રહેલી તંગદિલી ઊડીને આંખે વળગે એ હદે પ્રદર્શિત થઇ, જેને લીધે આ જોડાણ સાથે સંકળાયેલા નાના દેશોને ઉર્જા, અવરજવર માટેની સુવિધા અને ટેકનિકલ માહિતી જેવી બાબતોની સરળ-આપ-લેની અનુકૂળતા થવાની શક્યતા હતી તેના પર બ્રેક વાગી ગઇ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે આ બેઠક ખૂબ જ મહત્ત્વની સાબિત થઇ શકે એમ હતી. એમણે શપથવિધિ પ્રસંગે જ સાર્ક રાષ્ટ્રોના વડાઓને નોતરીને પોતે પાડોશી રાષ્ટ્રોના સહયોગ તથા વિકાસમાં રસ ધરાવતા હોવાનો સંકેત આપ્યો હતો. તે વખતે ઉમળકા પૂર્વક દિલ્હી દોડી આવેલાં મિયાં નવાઝ શરીફ અને નરેન્દ્ર મોદી વચ્ચે સુમેળ રહેશે એવી આગાહીઓ શરૂ થઇ હતી. આતંકવાદના મુદ્દે પાકિસ્તાન પણ ભારત જેટલી જ ચિંતા ધરાવતું હોવાની વાતો થઇ હતી. બેઉ નેતાઓની માતાઓ માટે શાલ અને સાડીનો વહેવાર ચાલુ થઇ ગયો હતો, પરંતુ નવાઝ શરીફ એમની આર્મી અને આઇએસઆઇ જેવી શક્તિશાળી સંસ્થાઓ સામે ઝીંક ન ઝીલી શક્યા. કાશ્મીર મુદ્દે પણ એ પરંપરાગત ભારતવિરોધી વલણને જ વળગી રહ્યા, જેથી સ્વાભાવિક રીતે જ નરેન્દ્ર મોદીએ પાકિસ્તાન સાથેનો વાટોઘાટોનો દોર અટકાવી દેવાની ફરજ પડી હતી. સરહદ પર પાક આર્મી નિર્દોષ ગ્રામીણોની તથા ભારતીય સેનાની ઊંઘ હરામ કરતું રહે, યુદ્ધ જેવી પરિસ્થિતિ સરજી અનેક સૈનિકો અને નાગરિકોનો ભોગ લેતું રહે, કાશ્મીરના અલગાવવાદી આગેવાનો સાથે મિજબાની ઉડાવતું ફરે અને બીજી તરફ ભારત સાથે સુલેહશાંતિની દરખાસ્ત કરતું રહે તે મોદી સરકારની મીઠી છતાં ક્રૂર મજાક હતી. આખરે નાછૂટકે મોદીને કહેવું પડ્યું કે 'આપણે પાસ-પાસે છીએ પણ એકબીજાની સાથે સાથે નથી?' નવાઝ શરીફે અમેરિકામાં યુનોની બેઠકમાં પણ કાશ્મીરનો મુદ્દો ચગાવ્યો હતો. છેલ્લે ભારતના પ્રજાસત્તાક પર્વમાં મુખ્ય મહેમાન તરીકે આવી રહેલ અમેરિકન પ્રમુખને એમણે ભારત-પાકિસ્તાન સંબંધો સમધારણ કરવા વર્ષોથી લટકતા કાશ્મીર મુદ્દે મધ્યસ્થી કરવાનો પણ અનુરોધ કર્યો છે. એટલું ઓછું હોય એમ પાકિસ્તાન બહુ ઝડપભેર અણુબોમ્બ વિકસાવી રહ્યું છે. અત્યારે એની પાસે બસો અણુબોમ્બ છે અને ૨૦૨૦ સુધીમાં એ બે હજાર અણુબોમ્બ ધરાવતું થઇ જશે. આ બધી અવળચંડાઇ પછી નવાઝ શરીફ સાર્ક બેઠકમાં મોદી પાસે સલૂકાઇની અપેક્ષા રાખે તો એ વધારે પડતું જ ગણાય. યોગાનુયોગ આ બેઠક મુંબઇના ઐતિહાસિક આતંકવાદી હુમલાની છઠ્ઠી વરસીના દિવસે જ મળી હતી. મોદી આ દુઃખદ ઘટનાનો ઉલ્લેખ કર્યા વગર થોડા રહી શકે? પરંતુ પાકિસ્તાન તો આતંકવાદનો અડ્ડો હોવા છતાં આજપર્યંત શાહુકાર હોવાનો જ દાવો કરતું રહ્યું છે. મુંબઇ હુમલામાં પાકિસ્તાનની જ સક્રિય ભૂમિકા હોવાનું સાબિત થઇ ચૂક્યું છે, છતાં એ હુમલાના માસ્ટર માઇન્ડ હાફિઝ સઇદને અને દાઉદ ઇબ્રાહિમને પાકિસ્તાન એના શાહી મહેમાનોની જેમ પોષી રહ્યું છે. મોદીએ પાકિસ્તાન આતંકવાદ મુદ્દે પોતાની ભૂમિકા મંગળવાર સાંજ સુધીમાં સ્પષ્ટ કરે, એવો આગ્રહ રાખ્યો હતો. નવાઝ શરીફે ભારતીય વડાપ્રધાનની આ માગણી પ્રત્યે ધરાર દુર્લક્ષ સેવ્યુ અને કોઇ જ વળતો જવાબ ન પાઠવ્યો એથી સ્વાભાવિક રીતે જ મોદી અપમાનજનક સ્થિતિમાં મુકાઇ ગયા હતા. આથી શિખર પરિષદના મંચ પર એમણે નવાઝ સામે જોવાની પણ દરકાર ન કરી. સામે નવાઝ શરીફે પણ એમનાં પંજાબી અંદાજમાં કોઇ દુઆ-સલામ ન કરી. બેઉ વડાપ્રધાનો વચ્ચેની આ 'દુશ્મનાવટ' આખી દુનિયાએ લાઇવ-સ્વરૂપે નિહાળી! મોદીના ભાષણમાં ૨૬/૧૧ના મુંબઇ હુમલાનો ઉલ્લેખ આવ્યો ત્યારે નવાઝ શરીફ આંખો મીંચીને બેસી રહ્યા હતા. એમણે પ્રતિભાવ સ્વરૂપે એમના ભાષણમાં ત્રાસવાદ કે ૨૬/૧૧ કે કાશ્મીરનો ઉલ્લેખ સુદ્ધા ન કર્યો અને વિકાસ કરવો હશે તો એકબીજાનો વિશ્વાસ કરવો પડશે તેમ જ એકમેક સામે લડવાને બદલે ગરીબી, નિરક્ષરતા અને બીમારી સામે લડવું પડશે - એવી સુફિયાણી સલાહ આપી દીધી. મોદીએ ત્રાસવાદ વિરૂદ્ધ બધા જ સાર્ક દેશોએ એક થવું પડશે, એવી વાત કરી હતી. પાકિસ્તાને આ મુદ્દે મૌન રહેવાનું જ પસંદ કર્યું. કાશ્મીરનો પ્રશ્ન ન છંછેડ્યો કારણ કે આ શિમલા કરાર મુજબ આ પ્રશ્ન પરસ્પર સમજૂતીથી ઉકેલવાનો નિર્ણય કરાયો હોવાનું પોતે જાણે છે. વળી એકબીજાની લડાઇ સાર્ક શિખર પરિષદમાં ખેંચી નહી જવી જોઇએ, એ બાબત થયેલ આગોતરી સમજૂતી અંગે પણ તેઓ વાકેફ હતા. સાર્ક રાષ્ટ્રોમાં પાકિસ્તાન સિવાયના તમામ રાષ્ટ્રાધ્યક્ષોએ મોદીની વિદેશનીતિની મુક્તકંઠે પ્રશંસા કરી એથી એવી અફવા શરૂ થઇ હતી કે કદાચ જી-૨૦ શિખર પરિષદ અધુરી છોડીને રશિયા ચાલ્યા ગયેલા પુતિનની જેમ નવાઝ શરીફ પણ સાર્ક શિખર અધવચ્ચે જ છોડી જશે. નવાઝ શરીફ સોળે સોપારા ભણેલા પરિપક્વ નેતા છે. તેઓએ કડવા ઘૂંટડા ગળી જઇને પણ પરિષદમાં સંપૂર્ણ હાજરી આપવાની જાહેરાત કરી હતી. બીજી તરફ ભારત કે મોદી વિશેના સવાલોના જવાબ આપવાનું ટાળીને એમણે એમની નારાજગી પણ દર્શાવી જ દીધી ગણાય. દક્ષિણ એશિયાના વિકાસ માટે ભારત અને પાકિસ્તાન સૌથી અગત્યનાં રાષ્ટ્રો છે. એમની વચ્ચે ચાલી રહેલાં ઠંડા યુદ્ધથી બાકીના નાના દેશોને પણ નુકશાન થઇ રહ્યુ છે. વિકાસના રાજમાર્ગ કંડારવાની પહેલ મોદી કરી રહ્યાં છે, તે પાકિસ્તાનને કઠી રહ્યુ છે. ભારત સાથે એક હજાર વરસ સુધી લડી લેવાની પ્રતિજ્ઞા કરનાર ઝુલ્ફીકાર અલી ભુટ્ટોએ ઇંદિરા ગાંધી સાથે કરાર કરીને એ કોલ્ડ વોર પર પૂર્ણ વિરામ મૂકવાનો પ્રયાસ કર્યો હશે, પરંતુ પાક આર્મી અને આઇએસઆઇ પાકિસ્તાનમાં લોકશાહી ઢબે ચૂંટાયેલી સરકારને સરખી રીતે કામ કરવા દેવા તૈયાર જ નથી. અમેરિકા સાથે ઓસામા-બિન-લાદેન મુદ્દે કરેલ છેતરપિંડી પછી હવે અમેરિકા પાકિસ્તાનને ઝાઝું કોઠું નથી આપવાનું એમ માની લઇ બીજી મહાસત્તા ચીનના બગલબચ્ચા બની જવામાં પાકિસ્તાનને કશી નાનમ લાગતી નથી. 'સાર્ક' દેશો કરતાં પાકને ચીનની દોસ્તી વધારવામાં વધારે રસ છે.

જીઆઈપીએસના બાળકોએ આર્ટ કલામાં મેડલ મેળવ્યા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક શાળા, રાંધેજાના જૂનિયર કે.જી.નાં ભુલકાંઓથી લઈ ઉચ્ચત્તર પ્રાથમિક સુધીના બાળકોએ 'રેઈનબો આર્ટ સેન્ટર ભાવનગર' અંતર્ગતની 'ઓલ ઈન્ડિયા કલરિંગ અને હેન્ડરાઈટિંગ કોમ્પીટીશન-૨૦૧૪માં ભાગ લઈ જીઆઈપીએસને મેઘધનુષ્યના સાત રંગોથી રંગી દીધું હોય તેવું ઝળહળતું સોનેરી પરિણામ લાવ્યું છે. આઠ ગોલ્ડ મેડલ, ત્રણ સિલ્વર મેડલ અને બે બ્રોન્ઝ મેડલના સોનેરી, રૂપેરી જેવા કિરણો વડે જીઆઈપીએસને રેઈનબોમાં ફેરવી દીધું. ખરેખરનો જૂનિયર કે.જી.નાનાં ભુલકાંને શાળાના આચાર્યા ડૉ. રંજન વૈદ્ય અને વાઈસ પ્રિન્સિપાલના વરદ હસ્તે મેડલો આશીર્વાદરૂપે અર્પણ કરતાં કરતાં જોઈ પ્રાર્થના સભાના બધા જ સરસ્વતી ઉપાસકોના હૃદય પુલકિત થઈ ગયા હતા. શાળાને ગૌરવ આપતા બાળકોને હૃદયપૂર્વક અભિનંદન અને આશીર્વાદ શાળા પરિવારે પાઠવ્યા હતા. તેમજ આર્ટ ટીચર દમયંતી ગોસ્વામીને અભિનંદન આપી આભાર વ્યક્ત કર્યો હતો. શાળામાં ૧૩૨ બાળકોમાંથી ૮ ગોલ્ડ મેડલ, ૩ સિલ્વર મેડલ અને ૨ બ્રોન્ઝ મેડલ અને સર્ટીફિકેટ મળ્યા હતા. ઉપરાંત રેઈનબો આર્ટ સેન્ટરે શાળાના આચાર્યા અને આર્ટટિચરને સર્ટીફિકેટ આપી સન્માનિત કર્યા હતા. ગોલ્ડ મેડલ મેળવનાર સોનેરી બાળકોમાં યાત્રી એન. સુખડિયા (ધો.૧), ટ્વિન્કલ એસ. ખાંટ (ધો.૩), પ્રિયલ એમ ભાટી (ધો.૪), આદિત્ય કે સોલંકી (ધો.૬), શ્યામ બી. ચૌધરી (ધો.૬), શુભાંગનિ જે. સોની (ધો.૭), હર્ષ લડી. પટેલ (ધો.૮), પ્રીશા એન. પટેલ (જુનિ.કે.જી.) હતા. અને ક્રિશ્ના કે. પ્રજાપતિ ધો.૧), પ્રિન્સ એસ. બારોટ (ધો.૨), રીદ્ધિ પી. કભી (જુનિ. કે.જી.), રૂપેરી બાળકોએ સિલ્વર મેડલ મેળવ્યાં હતાં તથા કાવ્યા વી. પટેલ અને નિસર્ગ કે. ચૌધરી ધો.૭) બે બાળકોએ બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતા.

હરિની દૃષ્ટિ...



ટેનીસ ટૂર્નામેન્ટમાં ગોલ્ડમેડલ મેળવ્યો

કેલમહાકુંભની ૪૫ વર્ષ ઉપરની ટેનીસ સ્પર્ધામાં નગરના એચ.ડી. સેઈલર અને અનુપ હરડેએ ગોલ્ડ મેડલ મેળવ્યો છે. બન્ને ખેલાડીઓ સેક્રેટરીએટ જીમખાનાના ખેલાડી છે. તેમણે ગોલ્ડ મેડલ મેળવી જીમખાના અને ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે.

લયબદ્ધ શ્વસન સ્વાસ્થ્ય શરીર શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

લયબદ્ધ શ્વસન દ્વારા સંપૂર્ણ સ્વસ્થ્ય શરીર, શિબિર આગામી તા. ૨૮, ૨૯ અને ૩૦ નવેમ્બર દરમિયાન સવારે ૮.૦૦ થી ૯.૦૦ કલાક દરમિયાન સેક્ટર-૧૨ સ્થિત બલરામ મંદિરના ભોયતળીયે યોજાશે. જેમાં શારીરિક, માનસિક અને આધ્યાત્મિકતાની માહિતી આપવામાં આવશે.

પોરબંદર ખાતે રાજ્ય માસ્ટર્સ એથ્લેટીક્સ ચેમ્પિયનશીપ યોજાશે

જિલ્લાના ખેલાડીઓને ભાગ લેવા એસોસિએશને જણાવ્યુ

ગાંધીનગર, તા. ૨૭

૩૪મી ગુજરાત રાજ્ય માસ્ટર્સ એથ્લેટીક્સ ચેમ્પિયનશીપ પોરબંદર ખાતે યોજવામાં આવનાર છે. સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક ગાંધીનગર જિલ્લાના ખેલાડીઓને વિગતો સાથે ઉપસ્થિત રહેવા જણાવવામાં આવ્યું છે. આગામી ૨૦ અને ૨૧ ડિસેમ્બરના રોજ પોરબંદરના ચોપાટી ગ્રાઉન્ડ ખાતે ૩૪મી ગુજરાત રાજ્ય માસ્ટર્સ ચેમ્પિયનશીપ યોજાશે. સ્પર્ધામાં દોડ, કૂદ, ફેંક સ્પર્ધામાં ૩૦ વર્ષથી ઉપરની બહેનોના પાંચ ગ્રુપ અને ભાઈઓ માટે ૩૫ વર્ષથી ઉપરના પાંચ ગૃપ રહેશે.

સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક ગાંધીનગર જિલ્લાના ખેલાડીઓને (ભાઈઓ-બહેનો) તા. ૫ ડિસેમ્બર સુધી પોતાની તમામ વિગતો સાથે દિનેશસિંહ ચાવડા-૧૦૧, શાલીન કોમ્પલેક્ષ, સેક્ટર-૧૧, ફોર્મ મેળવી પરત કરવાના રહેશે.

વિજ્ઞાન પ્રવાહની રિવાઈઝડ આન્સર કીમાં પણ છબરડો

બાયોલોજીના ત્રણ પ્રશ્નોના જવાબો અલગ અલગ : વિદ્યાર્થી આલમમાં દેકારો : આગામી દિવસોમાં વિરોધના વંટોળ સર્જાય તેવી શકયતા : વાલીમાં પણ ચિંતાનું મોજું

અમદાવાદ, તા. ૨૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૧ અનએ ૧૨ વિજ્ઞાન પ્રવાહની રિવાઈઝ્ડ આન્સર કી અપલોડ કરવામાં આવી છે. જો કે, આ રિવાઈઝ્ડ આન્સર કીમાં પણ છબરડો કરાતા વિદ્યાર્થી આલમમાં દેકારો બોલી ગયો છે. આ મુદ્દે આગામી દિવસોમાં વિરોધના વંટોળ સર્જાય તેવી શકયતા વ્યક્ત કરવામાં આવી રહી છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ તાજેતરમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની આન્સર કી અપલોડ કરવામાં આવી હતી જેમાં ભુલો હોવાની ફરિયાદો ઉઠતા શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૧ અને ૧૨ની રિવાઈઝ્ડ આન્સર કી ઓનલાઈન મુકવામાં આવી છે પરંતુ બાયોલોજીના પેપરના ત્રણ પ્રશ્નોમાં આ રિવાઈઝ્ડ આન્સર કીમાં પણ છબરડો કર્યો હોવાની વિગતો સામે આવી છે. શિક્ષણ બોર્ડ દ્વારા અંગ્રેજી અને ગુજરાતીમાં મુકાયેલી આન્સર કીમાં ત્રણ પ્રશ્નોના જવાબ બંને ભાષામાં અલગ અલગ હોવાનું જાણા મળેલ છે. બાયોલોજીના પેપરમાં નંબર ૧૬માં ઈંગ્લિશ મિડિયમમાં જવાબ સી અને ગુજરાતી મિડિયમમાં જવાબ બી, પ્રશ્ન નંબર ૧૯માં ઈંગ્લિશ મિડિયમમાં જવાબ સી અને ગુજરાતી મિડિયમમાં જવાબ સી આપવામાં આવ્યો છે ત્યારે પ્રશ્ન એ ઉભો થાય છે કે, જ્યારે બંને માધ્યમના પ્રશ્નપત્રોમાં એક જ પ્રશ્ન પુછવામાં આવેલ છે ત્યારે માત્ર ભાષાંતર કરવાથી તેનો જવાબ કઈ રીતે બદલાઈ ગયો? શઈક્ષણ બોર્ડ દ્વારા આવો ગંભીર છબરડો કરવામાં આવતા વિદ્યાર્થી આલમમાં રોષ વ્યાપી ગયો છે. આ મામલે આગામી દિવસોમાં વિરોધનો વંટોળ સર્જાય તેવી શકયતા જોવા મળી રહી છે. ઉલ્લેખનીય છે કે, શિક્ષણ બોર્ડ દ્વારા ઓક્ટોબર ૨૦૧૪માં વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર-૧ અને ૩ની પરીક્ષા લેવાઈ હતી જેની આન્સર કી વેબસાઈટ પર અપલોટ કરાતા તેમાં ભુલો કરાઈ હોવાની ફરિયાદો ઉઠવા પામી હતી. વિદ્યાર્થીઓ દ્વારા નિષ્ણાત શિક્ષકોની મદદથી પાઠ્યપુસ્તકના પુરવા સાથે આ છબરડા અંગે શિક્ષણ બોર્ડનું ધ્યાન દોરવામાં આવ્યું હતું જેના પગલે શિક્ષણ બોર્ડે રિવાઈઝ્ડ આન્સર કી સુધારા સાથે અપલોડ કરી હતી.

બેરોજગાર યુવાનો જોગ

પાલનપુર, તા. ૨૭

કેન્દ્રીય અનામત પોલીસ દળ સી.આર.પી.એફ.માં ભરતી માટેની જાહેરાત કમાન્ડન્ટ ગ્રુપ કેન્દ્ર, કેન્દ્રીય અનામત પોલીસદળ, ગાંધીનગર દ્વારા આપવામાં આવેલ જાહેરાતમાં જણાવ્યા મુજબ ધો. ૧૦ પાસ ટેકનિકલ તથા ટ્રેડમેનની જુદી જુદી જગ્યાઓ ભરવા લાયકાત ધરાવતા સ્ત્રી-પુરૂષ ઉમેદવારો પાસેથી તા. ૫-૧૨-૨૦૧૪ સુધીમાં નિયત નમૂનામાં અરજીઓ મંગાવવામાં આવેલ છે. તો ઈચ્છુક ઉમેદવારોએ વેબસાઈટ www.crpf.gov.in.OR. www.crpf.nic.in ઉપરથી માહિતી મેળવી બારોબાર નીચેના સરનામે અરજી કરવાની રહેશે. અરજી કરવાનું સરનામુ જી.સી.સી. આર.પી.એફ. ગાંધીનગર ડી. આઈ. જી.પી. ગ્રુપ સેન્ટર, સી.આર. પી.એફ. ચિલોડા રોડ, ગાંધીનગર, ગુજરાત પીન નં. ૩૮૨૦૪૨ છે. વધુ માહિતી અનુ માર્ગદર્શન માટે જિલ્લા રોજગાર કચેરી, પાલનપુરનો સંપર્ક કરવા રોજગાર અધિકારી પાલનપુર દ્વારા જણાવાયું છે.

ગાંધીનગરના વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક પેરાસેઈલીંગ

સુરક્ષા સેતુ અંતર્ગત ગાંધીનગર પોલીસ દ્વારા શાળા કોલેજના વિદ્યાર્થીઓ માટે ૧૫ દિવસનો કેમ્પ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર જિલ્લાની શાળા કોલેજના વિદ્યાર્થીઓ તથા યુવાનો માટે સુરક્ષા સેતુ અંતર્ગત ગુજરાત પોલીસ દ્વારા ગાંધીનગરના રામ કથા મેદાનમાં પેરા સેઈલીંગ પ્રવૃત્તિના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાત પોલીસ દ્વારા સુરક્ષા સેતુ અંતર્ગત ગાંધીનગર જિલ્લા પોલીસના સહયોગથી તા. ૧ થી ૧૫ ડીસેમ્બર ૨૦૧૪ દરમિયાન રામ કથા મેદાન સેક્ટર-૧૧ ખાતે પેરા સેઈલીંગ કેમ્પ યોજાશે. જેમાં પેરા સેઈલીંગ માટે એડવેન્ચર એકેડમી, નવી દિલ્હીના ખાસ તાલીમ માટેની ટીમ આવશે આ પેરા સેઈલીંગ પ્રવૃત્તિમાં ભાગ લેવા માંગતા શાળા કોલેજના વિદ્યાર્થીઓએ તેઓના આચાર્ય મારફતે પોલીસ અધિક્ષક ગાંધીનગરનો સંપર્ક કરવાનો રહેશે. તેમજ અન્ય યુવાન યુવતીઓ પણ પ્રવૃત્તિના કેમ્પની તારીખ દરમિયાન રામ કથા મેદાન ખાતે આ પ્રવૃત્તિમાં નોંધણી કરાવી શકશે. ગાંધીનગર જિલ્લાના એડવેન્ચર પ્રવૃત્તિમાં રસ ધરાવતા યુવાનો-યુવતીઓ માટે અમુલ્ય તકનો લાભ લેવા ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા અપીલ કરવામાં આવી છે. આ પેરા સેઈલીંગ પ્રવૃત્તિ માટે કોઈ પણ પ્રકારના ચાર્જ લેવામાં આવશે નહીં.

ચૌધરી કોલેજની વિદ્યાર્થીનીઓએ કુસ્તીમાં મેદાન માર્યું

ગાંધીનગર, તા.૨૭

ગુજરાત યુનિવર્સિટી સાઉથ ઝોન ઈન્ટર કોલેજ કુસ્તી સ્પર્ધા કોઠંબા આર્ટસ કોલેજના યજમાન પદે ગુજરાત યુનિવર્સિટી ખાતે યોજાઈ હતી. સ્પર્ધામાં ચૌધરી કોલેજ મહિલા આર્ટસ કોલેજની વિદ્યાર્થીનીએ મેડલ મેળવી કોલેજનું ગૌરવ વધાર્યું છે. કુસ્તી સ્પર્ધામાં રમીલા શાહુએ ૫૧ કિ.ગ્રા. વજન ગૃપમાં ગોલ્ડ મેડલ, મંજુલા ચૌધરીએ ૫૯ કિ.ગ્રા. વજન ગૃપમાં સિલ્વર મેડલ, વિનિષા ચૌધરી ૪૮ કિ.ગ્રા. ગૃપમાં બ્રોન્ઝ મેડલ, હંસા ચૌધરી ૫૬ કિ.ગ્રામાં બ્રોન્ઝ મેડલ, મમતા ચૌધરીએ પણ બ્રોન્ઝ મેડલ મેળવી કોલેજનું ગૌરવ વધાર્યું છે.

સોજા હાઈસ્કુલમાં સ્વાસ્થ્ય ચકાસણી મેળો યોજાયો

ગાંધીનગર, તા.૨૭

કલોલ તાલુકાની શેઠ એચ.એમ. સાર્વજનિક હાઈસ્કૂલ સોજા અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સોજાના સંયુકત ઉપક્રમે 'તારૂણ્ય સ્વાસ્થ્ય મેળા'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સદર સ્વાસ્થ્ય મેળામાં સોજા હાઈસ્કૂલમાં ધો-૧૦, ધો-૧૧ અને ધો-૧૨માં અભ્યાસ કરતી તરૂણીઓના રૂધિરના નમૂન ાલઈ તેમના હિમોગ્લોબીન, બ્લડ સુગર, બ્લડ ગ્રુપ વગેરેની તપાસ કરવામાં આવી હતી. તરુણીઓના વજન અને ઉંચાઈ મુજબ સ્વાસ્થ્ય જાળવણી માટેનાં માર્ગદર્શનક સૂચનો, રાહચિંધક અભિપ્રાયો-મંતવ્યો અને આરોગ્ય વિષયક નિદાનાત્મક પ્રચારાત્મક પગલાંની વિગતે છણાવટ કરવામાં આવી હતી. સદર મેળાને સફળતમ બનાવવા મેડીકલ ઓફિસર, સુપરવાઈઝર, આયુષ એમ.ઓ., ટેકનીશીયન તથા તમામ સ્ટાફ ખડેપગે કાર્યરત રહ્યો હતો તમામ કાર્યક્રમ અકંદરે ખૂબ જ સરસ, સુવ્યવસ્થિત, સુચારુ, સફળ, અનુકરણીય, આવકાર્ય અને પ્રશંસનીય રહ્યો હતો.

બાળકનો એવો ઉછેર કરો કે ઉત્તમ માનવ બને, એને એવી અનુભૂતિઓ અને સંવેદનાનું ભાથું આપો કે એનો જીવનપથ સુગમ બને

બાળઉછેરનો ગુણોત્સવ!

- હર્ષદ. પ્ર. શાહ

આજકાલ આ દુનિયામાં ન બનવું જોઈએ તેવું ઘણું બધું છે કારણ કે 'દુનિયાનો છેડો ઘર' એવા ઘરમાં પણ ન બનવું જોઈએ તેવું ઘણું બને છે! ઘરને નહીં સાચવીએ તો દુનિયા નહીં સચવાય. ઘર હવે 'મકાન' બનતાં જાય છે, રાત્રિ મુકામનાં કેવળ આશ્રયસ્થાન બનતાં જાય છે. ઘરમાં સાથે, એક છત્ર નીચે જીવનારા ખરેખર એકબીજાની સાથે કેટલા હોય છે? કેટલાંક ઘર નિષ્પ્રાય દેખાય છે. જે ઘર ચૈતન્યનું ધામ હોવું જોઈએ તે ઘર આજે પ્રાણ વગરનું ખોળિયું દેખાય છે. ભૌતિકતાની પાછળ દોડતો માનવી આધ્યાત્મિકતા કેટલી ઉચ્ચ વાત છે એ સમજવાની શક્તિ ગુમાવતો જાય છે. દોડ શાશ્વતની પાછળ નહીં, ક્ષણભંગુરની પાછળ થઈ રહી છે. પૂછીએ, કે આવું અને આટલું બધું શાને? તો કહે, બાળકો માટે! સાત પેઢી સુધી ખૂટે નહીં એટલું કમાઈ લેવું છે. બાળકો માટે એટલો બધો પ્રેમ (!) છે કે બાળકને ન આપવું જોઈએ તે અઢળક આપી દેવું છે અને ખરેખર શું આપવું જોઈએ તે સમજવાનો સમય નથી. ધન આપવું કે સંસ્કાર-ધન આપવું તેની સ્પષ્ટતા પરિવારજનોને નથી. અક્ષરજ્ઞાન આપવું તે સાથે અક્ષયજ્ઞાનનું સંમિશ્રણ પણ કરવું એની સમજ નથી.

થોડું વિચારીએ તો એવું લાગે છે કે ઘણું ખૂટે છે. ઘરમાં બાળકને જે આપવું જોઈએ તે અપાતું નથી. જેવું વાતાવરણ સર્જાવું જોઈએ તેવું સર્જાતું નથી. બહિર્કરણો અને ઉપકરણોનો ઉપયોગ બેફામ વધતો જાય છે, પણ અંતઃકરણનું શું? એ તો સમજાતું નથી! જે દેખાતું નથી એ તે વળી સમજાતું હશે ? ઉપકરણો તો દેખાય છે, એની ઉપયોગિતા તો સમજાય છે. અંતઃકરણનો ઉપયોગ, એનો વિકાસ, એનું સ્વરૂપ એ સમજવાની ક્ષમતા જાણે મોટા ભાગના લોકો ગુમાવી બેઠા હોય એવું લાગે છે.

દિ. ૨૫ નવેમ્બર, ૨૦૧૪ના એક અખબારમાં વાંચ્યુ કે ફિનલેન્ડમાં ૨૦૧૬ સુધીમાં હવે **Typing** અદૃશ્ય થઈ જશે, બાળકો માત્ર **Typing** કરતાં હશે. વીજ ઝબકે એમ મારા મગજમાં ચમકારો થયો કે આ હવે ભારતમાંય આવવાનું. આપણે અનુકરણની... અંધાનુકરણની શક્તિ તો જબરી વિકસાવી છે. આપણે શુંકામ પાછા પડીએ? વિશ્વના અન્ય દેશોમાં જેટલું પણ **Outdated**, તે અમારે માટે **Valid** અમે એને આવકારીશું. આપણે શ્રેષ્ઠ હોય તેને ભૂલી જવાની એ જ તો સાચી રીત છે! હવે આપણે બાળકો પણ પેન પકવડાનું ભૂલી જશે. આઈપેડ અને લેપટોપ પર જ હવે જીવન જીવવાનું.

જે ઘર પોતાની કુળની, પોતાની સંસ્કૃતિની, પોતાની સભ્યતાની અને પોતાના રાષ્ટ્રના વિશેષતાઓને, શ્રેષ્ઠતાઓને ટકાવી રાખવા સભાન નથી ત્યાં દૂષણો પ્રવેશશે જ પ્રવેશશે.

આપણી ગુજરાત સરકાર શિક્ષણના ક્ષેત્રમાં વર્ષોથી 'ગુણોત્સવ' ઉજવે છે. હવે આપણા માટે સમય પાકી ગયો છે બાળઉછેરનો ગુણોત્સવ ઊજવવાનો. બાળઉછેર હવે સમસ્યા લાગે છે. ઘરમાં એક બાળકનું હોવું એ પણ ભારરૂપ લાગવા માંડ્યુ છે, પછી બાળકને શિક્ષણ ભારરૂપ લાગે એમાં નવાઈ શી?

જૂના સમયમાં એક ઘરમાં એક સાથે ત્રણ-ચાર બાળકો કયારે મોટાં થઈ જતાં એ ન સમજાતું. હસતાં, ખેલતાં... મસ્તીમાં મોટા થઈ જતાં.

હવે તો કેટલીય સ્ત્રીઓ બાળક નથી જન્મવા દેતી. એમની સુંદરતા જોખમાઈ જાય છે. બાળકમાં એમને સુંદરતા નથી દેખાતી. સ્ત્રી અને પુરૂષ '**Live in Relationship**' જેવા કચકડાના બંધનમાં રહેવાનું પસંદ કરતાં થઈ ગયાં છે. કાયમી બંધનની જંજાળમાં વળી શાને પડવું? પશ્ચિમનો આ ચેપ પણ વાઈરલ ઈન્ફેકશનની જેમ ફેલાઈ રહ્યો છે.

અકબર ઈલાહાબાદીએ કહ્યું છે, 'બાળક તો જીવનરૂપી બગીચાની કોયલ છે!' બાળકનું હાસ્ય વાતાવરણને પ્રસન્નતાથી ભરી દે છે.

એક મા બાળકને વાર્તા સંભળાવતી હતી. બાળક વાર્તા સાંભળતાં સાંભળતાં ઊંઘી ગયું. થોડી વાર તે ઊંઘમાં જ ખડખડાટ હસી પડ્યું. બાળકના એ હાસ્યના રણકામાંથી પરીઓ બનતી ગઈ.

આ રીતે જયારે જયારે બાળક હસે ત્યારે નવી નવી પરીઓ જન્મે છે, પણ બાળકો રડે છે ત્યારે એ પરીઓ મરી જાય છે.

આવી લઘુકથા લ રોશફૂકો નામના એક ફ્રેન્ચ સૂક્તિકારે લખી છે.

બાળકની દુનિયા અદ્‌ભૂત છે. કદાચ તેના રોમાંચને સમજવાનું સામર્થ્ય મોટામાં નથી. જયારે હું કોઈ બાળકને મારતી, વઢતી, ધમકાવતી માતાને જોઉં છું ત્યારે મને માતાના માતૃત્વનો ક્ષય થતો જણાય છે. બાળઉછેરમાં માતાપિતાનું ધૈર્ય અત્યંત મહત્ત્વનું પરિબળ છે. બાળકનો ધૈર્યપૂર્વકનો અને સમજણપૂર્વકનો ઉછેર જ સાચો ગુણોત્સવ છે.

કેટલાક લોકો બાળકોથી કંટાળી જાય છે. એમનો શોરબકોર એમને ગમતો નથી. એમાં સમાયેલો કલરવ એ માણી શકતા નથી. બાળકને જન્મ આપી દીધા પછી એને હડધૂત કરવું એ મહાપાપ છે. એવાં માતાપિતા પોતાની જાતનું બહુ મોટું નુકશાન વહોરી લે છે.

ઈશુ ખ્રિસ્તે કહ્યું કે, ''બાળકોને તમારી પાસે આવતાં અટકાવશો નહીં. બાળકો છે ત્યાં પ્રભુનું સામ્રાજય છે.''

સંત ફ્રાંસિસ ઝેવિયરને બાળકો ખૂબ વહાલાં હતા. એક વાર તેઓ કોઈ જરૂરી કામમાં થોડો દિવસ સતત પરોવાયેલાં રહ્યા. એ કામ પૂરું થતાં થતાં કેટલાક દિવસોનો થાક ચડ્યો. તેમની આંખો ઘેરાવા લાગી. આથી તેમણે પોતાના નોકરને કહ્યું, ''હું સૂઈ જાઉં છું. મને જગાડીશ નહીં... જરૂરી કામ હોય તો પણ નહીં.''

એમ કહીને તેઓ પોતાના ખંડમાં ચાલ્યા ગયા. પણ થોડીક જ વારમાં તેઓ પાછા આવીને બોલ્યા, ''જોસેફ! જો કોઈ બાળક મને મળવા આવે તો મને તરત જગાડજે!''

બાળક વિનાનું ઘર સૂનું સૂનું લાગે. માટે બાળકને આવકારો, એને શણગારો, એને સંસ્કારો, એને વહાલ કરો, એને સમજણ આપો અને એને જીવનની ઉજ્જવળ કેડી પર પા પા પગલી ભરાવો અને પ્રકાશના તેજોમય પથ પર દોરી જાવ.

મારે તો સો વાતની એક વાત કરવી છે. બાળકનો એવો ઉછેર કરો કે ઉત્તમ માનવ બને. એને એવી અનુભૂતિઓ અને સંવેદનાનું ભાથું આપો કે એનો જીવનપથ સુગમ બને.

'બાળ વિશ્વવિદ્યાલય'ના કુલપતિ તરીકે હું આપ સૌને વિનમ્ર પ્રાર્થના કરું છું કે બાળકને આપ ઈષ્ટદેવ... આરાધ્ય દેવ સમજો. જો જો, પછી દુનિયા કેવી બને છે! આપણી આજની દુનિયા કરતાં એ જરૂર જુદી હશે.